For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# શિર્ડી પાસે અકસ્માત: સુરતનાં 3નાં મોત

**ફોર્ચ્યુનર** કાર બેકાબુ થઇ જતાં યેવલેમાં થયેલા અકસ્માતમાં વિક્રમ ઓસવાલ સહિત ગંભીર

સુરતઃ શહેરના જાણીતા ટ્રાન્સપોર્ટર અને મહેન્દ્ર ટ્રાવેલ્સના સંચાલક વિક્રમ ઓસ્વાલ અને તેમના મિત્રો શિર્ડી સાઈબાબાના દર્શન કરી પરત ફરી રહ્યા હતા. ત્યારે નાસિક જિલ્લાના યેવલે નજીક હાઈવે પર તેમની ફોર્ચ્યુનર કારને ભયાનક અકસ્માત નડયો હતો. આ દુર્ઘટનામાં ત્રણ મિત્રોના મોત નિપજ્યા હતા, જ્યારે વિક્રમ ઓસ્વાલ સહિત ચાર યુવકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તમામને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા.

મળતી માહિતી મુજબ, વેસુ ભગવાન મહાવીર કોલેજ પાસે રહેતા વિક્રમ ઓસ્વાલ, જે સુરત મહાનગરપાલિકાની સિટીબસ સેવા માટેના કોન્ટ્રાક્ટર અને કોંગ્રેસના આગેવાન રહી ચૂકેલા મરહુમ મહેન્દ્ર ઓસ્વાલના પુત્ર છે, તેમણે પોતાના ઓફિસ સ્ટાફ અને મિત્રોને સાથે લઈને શિર્ડી સાઈબાબાના દર્શન માટે ફોર્ચ્યુનર કારમાં મંગળવારે બપોરે અઢી વાગ્યાના અરસામાં પ્રવાસ શરૂ કર્યો હતો. બુધવારે મોડીરાત્રે દોઢ વાગ્યા અરસામાં તેઓ નાસિક

...અનુસંધાન પાના 5 પર

## કાર અંદાજે 125ની સ્પીડમાં ચાલતી હોવી જોઈએ

**પ્રાથમિક તપાસમાં સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે, કારની સ્પીડ અંદાજે 125ની ઉપર હતી. કાર અતિઝડપે હંકારવામાં આવી રહી હતી, જેના કારણે ડ્રાઇવરે કાબુ ગુમાવી દીધો હતો અને કાર ડીવાઈડર સાથે અથડાઈને ચારથી પાંચ રાઉન્ડ પલટી મારી હતી. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને તેમણે અકસ્માત સ્થળની આસપાસ લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મગાવીને તપાસ શરૂ કરી છે. અકસ્માતનું ચોક્કસ કારણ નક્કી કરવા માટે વાહનની ટેક્નિકલ તપાસ પણ કરવામાં આવશે.**










(તસવીરો : સતીષ જાદવ)

## મૃતકનાં નામો

- પ્રણવભાઈ અરૂણલાલ દેસાઈ (ઉ.વ 35, રહે. મૂળ. વાપી-પારડી, હાલ, રવિરાજ સોસાયટી ન્યૂ સિટીલાઇટ)
- સુરેશચંદ્ર કબિરાજ શાહુ (ઉ.વ અંદાજે 30, રહે. રામદર્શન એપાર્ટમેન્ટ કાપડિયા હેલ્થ ક્લબની પાસે, ભટાર)
- પલકભાઈ કાપડિયા (ઉ.વ. 30, રહે. સુરત ખમણહાઉસની ગલીમાં, સુભાષચોક, ગોપીપુરા)

## ઇજાગ્રસ્તના નામ

- વિક્રમ મહેન્દ્ર ઓસ્વાલ
- વિપિન રાણા
- સાગર શાહ
- વિષ્ણુ બેકાવાલા

## તમામ ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવીના ખાસ મિત્રો હતા



**આ અકસ્માતની જાણ થતાં જ રાજ્યના ઉપ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તાત્કાલિક સંવેદના દર્શાવી હતી અને બચાવ તથા સારવાર માટેના પગલાં લીધા હતા. હર્ષ સંઘવીના અકસ્માતનો ભોગ બનેલા વિક્રમ ઓસ્વાલ સહિતના તમામ યુવાનો સાથે જૂના અંગત સંબંધો હતા. બનાવની જાણ થતાં જ ઉપ મુખ્યમંત્રીએ તત્કાળ નાસિક ખાતે પક્ષના નેતાઓ અને ભાજપના કાર્યકરોને ઘટના સ્થળે રવાના થવા માટે ફોન દ્વારા સૂચના આપી હતી. તેમણે ખાસ કરીને ઘાયલોની સારવારમાં કોઈ કચાશ ન રહે તેની તકેદારી રાખવા માટે ભારપૂર્વક જણાવ્યું હતું.**



## કાર હંમેશાં વિક્રમ ઓસવાલ જ ચલાવતો હોય છે

વિક્રમ ઓસવાલના મિત્રો પાસેથી જાણવા મળ્યું હતું કે, જ્યારે પણ રજાનો દિવસ હોય તેમાં પણ મોટાભાગે દિવાળીના દિવસોમાં બધા મિત્રો વર્ષોથી શિર્ડી જતા આવ્યા છીએ અને દર વખતે જો ગાડી વિક્રમની હોય તો ગાડી એ પોતે જ ચલાવે છે. બીજા કોઈને ચલાવવા આપતો ન હતો. આ ફોર્ચ્યુનર કાર પણ વિક્રમની જ હતી. જેથી કાર એ જ ચલાવતો હોવો જોઈએ.

## સુરેશ અને પલકભાઈના મૃતદેહને આજે સુરત લાવવામાં આવશે

અકસ્માતમાં મોતને ભેટેલા સુરેશ શાહુ અને પલકભાઈ કાપડિયાના મૃતદેહનું પોસ્ટમોર્ટમ બુધવારે મોડે સુધી ચાલ્યું હતું. જેથી હવે ગુરૂવારે સવારે તેમના મૃતદેહને સુરત લઈને આવવામાં આવશે તેમ જાણવા મળ્યું હતું. મૃતક પલક કાપડિયા તેમના પરિવારનો એકનો એક પુત્ર હતા, જેમનો બેંક લોનના કામનો વ્યવસાય હતો. જ્યારે મૃતક સુરેશ શાહુ વિક્રમ ઓસવાલને ત્યાં ડ્રાઈવર તેમજ મેનેજર તરીકે હતો. તેને 8 અને 10 વર્ષની વયના એક પુત્ર અને એક પુત્રી છે. સુરેશના પિતા પણ વિક્રમના પિતા સ્વ. મહેન્દ્ર ઓસવાલને ત્યાં જ નોકરી કરતા હતા. પિતાની નિવૃત્તિ બાદ સુરેશ પણ ઓસવાલ પરિવારની પેઢી સાથે જ જોડાયેલો રહ્યો હતો.

## મૃતક પ્રણવ દેસાઈએ મહિના પહેલા જ ન્યૂ સિટીલાઇટમાં બંગ્લો લીધો હતો

પ્રણવ દેસાઈ હાઉસ કીપિંગના કામ સાથે જોડાયેલા હતો. એકાદ વર્ષ પહેલા જ પ્રણવના પિતાનું અવસાન થયું હતું. ત્યારબાદ એકાદ મહિના પહેલા પ્રણવે ન્યૂ સિટિલાઇટ ખાતે અંદાજે સાડા ત્રણ-4 કરોડની કિંમતનો બંગ્લો લીધો હતો. પ્રણવના મૃતદેહને પોસ્ટમોર્ટમ

...અનુસંધાન પાના 5 પર

# OBC અનામત: અનેક કપાશે, અનેકે બીજા વોર્ડ શોધવા પડશે

**ઓબીસી** અનામત વધતાં સુરત મહાપાલિકામાં પુરુષની બેઠકો સ્ત્રી અનામત થઈ ગઈ

**વિપક્ષી** નેતાથી શરૂ કરીને ભાજપના કમિટીના ચેરમેનોનો પણ ભોગ લેવાય તેવી સંભાવના

**દિનેશ** જોધાણી સહિતના નેતાઓ કપાશે, 27 વોર્ડમાં અસર થશે, 3 વોર્ડમાં કોઈ જ અસર નહીં થાય

સુરતઃ રાજ્યમાં 27 ટકા ઓબીસી અનામતના અમલને પગલે સુરત મહાપાલિકાના 30 વોર્ડમાં અનામત બેઠકોમાં થયેલા ફેરફારને પગલે અનેક નેતાઓ કપાઈ જશે અને અનેક નેતાઓની લોટરી લાગે તેવી સંભાવના જોવાઈ રહી છે. ઓબીસી અનામતની અગાઉ 12 બેઠકો હતી પરંતુ તેને બદલે હવે બેઠકોની સંખ્યા વધીને 32 થઈ ગઈ છે ત્યારે 27 વોર્ડમાં તેની અસર થશે તેમ જણાઈ રહ્યું છે. 3 વોર્ડ એવા છે કે જેની અનામત બેઠકોમાં કોઈ જ ફેરફાર થયો નથી. જેથી તેને કોઈજ અસર નહી થાય.

જે વોર્ડમાં અસર થશે તેમાં વોર્ડ નં.૮ (ડભોલી- સીંગણપોર), વોર્ડ નં.૧૦ (અડાજણ- પાલ- ઇચ્છાપોર), વોર્ડ નં.૧૧ (અડાજણ–ગોરાટ), વોર્ડ નં.૧૩ (વાડી ફળિયા-નવાપુરા- બેગમપુરા- સલાબતપુરા)નો સમાવેશ થાય છે. જ્યારે વોર્ડ

...અનુસંધાન પાના 5 પર

## ઓબીસી અનામતની કયા વોર્ડમાં કઈ અસર દેખાશે?

**વોર્ડ નંબર:1 જહાંગીરપુરા-વરીયાવ-છાપરાભાઠા-કોસાડ:** વોર્ડ નં-1 માં 2021માં પ્રથમ બેઠક સ્ત્રી માટે ઓબીસીની રાખવામાં આવી હતી અને અન્ય ત્રણેય બેઠક સામાન્ય હતી. જેમાં હવે પ્રથમ બેઠક સ્ત્રી અનામતની સામાન્ય કરી દેવામાં આવી છે અને ત્રીજી બેઠક( અનામત કે બિનઅનામત ) પછાતવર્ગ માટે રાખવામાં આવી છે. આ વોર્ડમાં ગીતાબેન સોલંકી જેઓ ઓબીસી બેઠક પરથી લડી ચુંટાયા હતા. પરંતુ હવે નવા રોટેશન મુજબ સ્ત્રી અનામતની બંને બેઠક સામાન્ય રાખવામાં આવી છે. જેથી ગીતાબેન સોલંકીનું પત્તું કપાઈ શકે છે અથવા તેમને સાચવવા અન્ય વોર્ડમાંથી ટિકીટ આપવામાં આવે તેવી પણ શક્યતા છે.

**વોર્ડ નંબર: 2 અમરોલી-મોટા વરાછા-કઠોર:** વોર્ડ નં. 2 માં 2021માં સ્ત્રી અનામતની પ્રથમ બેઠક એસ.સી અને ત્રીજી બેઠક પુરૂષ એસ.ટી માટે તેમજ અન્ય બે સામાન્ય હતી. જેમાં ફેરફાર કરી હવે ત્રીજી બેઠક પછાતવર્ગ માટે અને અન્ય ત્રણેય બેઠકો સામાન્ય કેટેગરી માટે રાખવામાં આવી છે. જેમાં ભાવના સોલંકી એસ.સી બેઠક પરથી અને અલ્પેશ પટેલ એસ.ટી બેઠક પરથી લડી ચુંટાયા હતા અને અન્ય 2 સામાન્ય હતી હવે નવા રોટેશન મુજબ એસ.ટી ની જગ્યાએ ઓબીસીને બેઠક અપાશે અને અન્ય ત્રણેય સામાન્ય રાખવામાં આવી છે. જેને પગલે અલ્પેશ પટેલ માટે કપરાં ચઢાણ જોવા મળી રહ્યા છે.

**વોર્ડ નંબર: 3 વરાછા-સરથાણા-સીમાડા-લસકાણા:** વોર્ડ નં. 3 માં સ્ત્રી અનામતની પ્રથમ અને બીજી બંને બેઠકો સામાન્ય અને ત્રીજી બેઠક ઓબીસી અને ચોથી સામાન્ય હતી. જેમાં ફેરફાર કરી હવે સ્ત્રી અનામત માટે ઓબીસી અને ત્રીજી બેઠક એસ.ટી કરવામાં આવી છે. જેમાં ઋતા ખેની સામાન્ય પરથી લડી ચુંટાયા હતા અને કનુ ગેડીયા ઓબીસી બેઠક પરથી ચુંટાયા હતા. ઓબીસી પરથી લડેલા કનુ ગેડીયા માટે હવે ક્યાંથી લડવું તે મોટી સમસ્યા બની રહેશે.

**વોર્ડ નંબર: 4 કાપોદ્રા:** વોર્ડ નં 4 માં જુના સીટ અલોટમેન્ટ મુજબ જનરલ કેટેગરીમાં પ્રથમ અને બીજી બેઠક સ્ત્રી માટે અનામત હતી. જ્યારે ત્રીજી બેઠક ઓબીસી માટે અને ચોથી જનરલ કેટેગરી માટે રખાઈ હતી. જેમાં હવે નવા રોટેશન મુજબ ફેરફાર કરી પ્રથમ સ્ત્રી અનામતની બેઠક પછાતવર્ગ માટે રાખવામાં આવી છે અને બાકીની ત્રણેય બેઠકો સામાન્ય વર્ગ માટે રાખવામાં આવી છે.

**વોર્ડ નંબર 5: ફુલપાડા-અશ્વિનીકુમાર:** વોર્ડ નં. 5 માં જુની બેઠક ફાળવણીમાં ચારેય બેઠકો સામાન્ય રખાઈ હતી. જેમાં હવે ફેરફાર કરી ત્રીજી બેઠક પછાતવર્ગ માટે રાખવામાં આવી છે. સ્ત્રી અનામતની બંને બેઠકો સામાન્યમાં જ રાખવામાં આવી છે.

**વોર્ડ નંબર 6: કતારગામ:** વોર્ડ નં 6 માં પણ જુની બેઠક ફાળવણીમાં ચારેય બેઠકો સામાન્ય રખાઈ હતી. જેમાં ફેરફાર કરી હવે નવા રોટેશન મુજબ પ્રથમ સ્ત્રી અનામત બેઠક પછાતવર્ગ માટે રાખવામાં આવી છે. જેમાં જયશ્રી વરીયા અને સોનલ દેસાઈ કે જેઓ બંને સામાન્ય બેઠક પરથી લડી ચુંટાયા હતા. હવે એક સ્ત્રી અનામત ઓબીસી માટે રાખવામાં આવી છે.

**વોર્ડ નંબર 7: કતારગામ-વેડ:** વોર્ડ નં. 7 માં જુની બેઠક ફાળવણીમાં ચારેય બેઠકો જનરલ રાખવામાં આવી હતી. જેમાં ફેરફાર કરી પ્રથમ સ્ત્રી અનામતની બેઠક પછાતવર્ગ માટે રાખવામાં આવી છે.

**વોર્ડ નંબર 8: ડભોલી-સિંગણપોર:** આ વોર્ડમાં જુની બેઠક ફાળવણીમાં સ્ત્રી અનામતની બંને બેઠકો સામાન્ય અને ત્રીજી એસ.ટી તેમજ ચોથી બેઠક સામાન્ય રાખવામાં આવી હતી. જેમાં ફેરફાર કરી હવે સ્ત્રી અનામતની પ્રથમ બેઠક ઓબીસી માટે અનામત કરવામાં આવી છે. બાકી કોઈ ફેરફાર કરાયા નથી.

...અનુસંધાન પાના 5 પર

# દક્ષિણ ગુજરાતમાં ફરી વરસાદી ઝાપટાની શક્યતા

**બંગાળની** ખાડીનું વાવાઝોડું શાંત પડ્યું છતાં અરબી સમુદ્રમાં નવી સાયક્લોનિક સિસ્ટમ સક્રિય

**સુરત** જિલ્લામાં વરસાદે વિરામ લીધો, 3 નવેમ્બર સુધી વરસાદી માહોલ રહેવાની હવામાન વિભાગની આગાહી

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં આજે દિવસભર વરસાદે વિરામ લીધો હતો, જેના કારણે લોકોએ રાહતનો શ્વાસ લીધો. છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસતા વરસાદ બાદ આજે આકાશમાં વાદળછાયું વાતાવરણ તો યથાવત રહ્યું પરંતુ મોટાભાગે વરસાદથી વિરામ રહ્યો હતો. વચ્ચે છૂટાછવાયા ઝાપટા પડતા વાતાવરણ ભીનું રહ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, બંગાળની ખાડીમાં સર્જાયેલું વાવાઝોડું હવે નબળું પડી ગયું છે, પરંતુ અરબી સમુદ્રમાં નવી સાયક્લોનિક સિસ્ટમ વિકસિત થઈ રહી છે. આ સિસ્ટમ વાવાઝોડામાં પરિવર્તિત થાય તે પહેલાં જ નબળી પડી જશે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, પરંતુ તેની અસર સમગ્ર દક્ષિણ ગુજરાત સહિત સુરત શહેર ઉપર જોવા મળશે. તેથી હવામાન વિભાગે 3 નવેમ્બર

...અનુસંધાન પાના 5 પર

## ઉપરવાસમાં વરસાદનો વિરામ, પણ ડેમમાં 39 હજાર ક્યુસેક આવક-જાવક

બીજી તરફ ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ વરસાદની અસર ઘટી ગઈ છે. વરસાદના વિરામ બાદ પણ ડેમમાં 39 હજાર ક્યુસેક પાણીની આવક અને જાવક યથાવત રહી હતી. ડેમની સપાટી હાલ 345.02 ફુટે સ્થિર છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા સાયક્લોનની અસર મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સુધી જોવા મળી હતી. જેના કારણે છેલ્લા ત્રણેક દિવસથી ઉકાઈ ડેમના કેટમેન્ટ વિસ્તારમાં ભારે વરસાદ ખાબક્યો હતો.

# ખત્રી સમાજના ઉદ્યોગપતિ રશ્મીન કાચીવાલાનો આપઘાત



**ડાઈંગ** મિલના માલિક ડિપ્રેશનમાં હોવાની શક્યતા

## પુત્રના અમેરિકાથી આવ્યા બાદ અંતિમવિધિ કરવામાં આવશે

મૃતક રશ્મીનભાઈનો એક જ પુત્ર દીવ કાચીવાલા હાલ અમેરિકામાં રહે છે અને પરિવારજનોએ જણાવ્યું છે કે, પુત્રના સુરત પરત ફર્યા બાદ જ રશ્મીન કાચીવાલાની અંતિમવિધિ કરવામાં આવશે.

## રશ્મીનભાઈ સુખી અને સંપન્ન જીવન જીવતા હતા

મૃતકના સાઢુભાઈ ગૌતમભાઈએ જણાવ્યું કે, "રશ્મીનભાઈ સુખી અને સંપન્ન જીવન જીવતા હતા. દિવાળીની ઉજવણી પણ પરિવાર સાથે ખૂબ આનંદપૂર્વક કરી હતી. થોડા દિવસ પહેલાં જ તેઓ ફાર્મ હાઉસમાં પણ પરિવાર સાથે ફરવા ગયા હતા. તેમણે કયા કારણસર આવું અંતિમ પગલું ભર્યું એ સમજાતું નથી.

સુરતઃ પલસાણાના ગુજરાત ઈકો ટેક્સટાઈલ પાર્કમાં જે.પી.કાચીવાલા નામની ડાઈંગ મિલ ધરાવતા જાણીતા ઉદ્યોગપતિ રશ્મીન કાચીવાલાએ પોતાના જ નિવાસસ્થાને ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાથી સુરતના ઉદ્યોગ જગતમાં તેમજ ખત્રી સમાજમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

મળતી માહિતી મુજબ સલાબતપુરાના હનુમાનજીના મંદિર પાસે આવેલી ખાંગડ શેરીમાં 49 વર્ષીય રશ્મીન ચંદ્રકાંત કાચીવાલા પરિવાર સાથે રહેતા હતા. તેઓ પલસાણાના ગુજરાત ઈકો ટેક્સટાઈલ પાર્કમાં "જે.પી.કાચીવાલા" નામની મિલ ચલાવતા હતા, જેમાં તેમના મોટાભાઈ ધર્મેશ કાચીવાલા પણ ભાગીદાર છે.

બુધવારે સવારે આશરે 8:30 વાગ્યે તેમણે પોતાના ઘરમાં ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોએ તાત્કાલિક તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં સલાબતપુરા પોલીસે સ્થળ પર પહોંચી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ રશ્મીન કાચીવાલા છેલ્લા કેટલાક સમયથી ડિપ્રેશનમાં હતા અને તેઓ ડાયાબિટિસની બીમારીથી પણ પીડાતા હતા. તેમના બિઝનેસમાં કોઈ ખાસ નુકસાન કે તણાવની માહિતી સામે આવી નથી. પોલીસ આ મામલે તમામ દિશામાં તપાસ કરી રહી છે.





# જીયાવમાં GEBનો ટાવર પડતાં બે લોકો ઈજાગ્રસ્ત

**અંદાજે** 30 ફૂટ ઊંચો ટાવર એકાએક નીચે પડતાં ભાગદોડ મચી ગઈ

સુરતઃ જીયાવ બુડિયા ખાતે GEBનો નવનિર્મિત ટાવર અંદાજે 30 ફૂટ ઉપરથી નીચે પડતાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાને પગલે ભાગદોડ મચી ગઈ હતી.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ પાસોદરા પાટિયા ખાતે લાલાભાઈ ભીખાભાઈ નાયક (ઉં.વ.33) પરિવાર સાથે રહે છે. લાલાભાઈ મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. બુધવારે સાંજે લાલાભાઈ તેમના અન્ય કામદાર નાકાભાઈ અને પિન્ટુ સાથે જીયાવ બુડિયા ખાતે GEBનો અંદાજે 30 ફૂટ લાંબો ટાવર ઊભો કરવાની કામગીરી માટે ગયા હતા. તે સમયે એકાએક ટાવર નીચે પડી ગયો હતો. જેથી નીચે ઊભેલા લાલાભાઈને ગંભીર ઈજા પહોંચી હતી. તેમજ પિન્ટુને સામાન્ય ઈજા થઈ હતી. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે લાલાભાઈને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં હાજર મેડિકલ ઓફિસર ડો.શીતલ અભિષેક ખેરડિયાએ તેમને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી જરૂરી રિપોર્ટ કરાવ્યા હતા.

આઠમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ.પ્રકાશભાઈ ઉર્ફે પપ્પુભાઈ જમનાદાસ દેવકર
સ્વ. તા. ૩૦/૧૦/૨૦૧૭

સૂર્યનું અસ્ત થવું નિત્ય ક્રમ છે, પરંતુ મધ્યાહને સૂર્યાસ્ત થવું દુઃખદાયી છે. મન અને આત્મા હજુ પણ માનવા તૈયાર નથી કે તમે અમારી વચ્ચે નથી. આખરે પ્રભુને ગમ્યુ તે ખરૂ. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.
પાર્વતીબેન દેવકર (માતા) | અનિલભાઈ દેવકર (ભાઈ)
રંજનબેન દેવકર (પત્નિ) | અશ્વિનભાઈ દેવકર (ભાઈ)
કેવલ દેવકર (પુત્ર) | કલાબેન ભગવાવાલા (બેન)
ક્રિષ્ના દેવકર (પુત્રી) | આશાબેન બક્કરીયા (બેન)

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

સુરતી ક્ષત્રીય અવસાન - બેસણું



રશ્મિન ચંદ્રકાંત કાચીવાલા
સ્વ. તા. ૨૯-૧૦-૨૦૨૫ બુધવાર

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પુત્ર રશ્મિન ચંદ્રકાંત કાચીવાલાનું દુઃખદ અવસાન થયેલ છે. સદગતની અંતિમ યાત્રા તા. ૩૧-૧૦-૨૦૨૫ના શુક્રવારે સવારે ૯-૩૦ કલાકે અમારા નિવાસસ્થાનથી રામનાથ ઘેલા સ્મશાનભૂમિ જશે. સદગતનું બેસણું શનિવારે ૧-૧૧-૨૦૨૫ સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ કલાકે સીંગાપુરીની વાડી, ધમણવાલા એસી હોલ રૂસ્તમપુરા મુકામે રાખેલ છે.

:: લિ. શોકાતુર ::
ચંદ્રકાન્ત કાચીવાલા | લક્ષ્મી કાચીવાલા
ધર્મેશ ચંદ્રકાત કાચીવાલા | નિશા ધર્મેશ કાચીવાલા
દેવ રશ્મિન કાચીવાલા | જિગીષા રશ્મિન કાચીવાલા
નિશાંત ધર્મેશ કાચીવાલા | જેલમ ધર્મેશ કાચીવાલા
જયેશ ભુપેન્દ્રભાઈ પરમાર | દિપીકા જયેશકુમાર
સમસ્ત જે. પી. કાચીવાલા પરિવાર

૩/૧૮૯૨ ખાંગડશેરી, હનુમાન મંદિરની બાજુમાં, સલાબતપુરા

પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાજંલિ



સ્વ. કુસુમબેન મહેન્દ્રભાઈ ગણેશવાલા
સ્વ.તા. ૩૦/૧૦/૨૦૨૪

અમારા હૃદયમાં અવિસ્મરણીય સ્થાન ધરાવનાર અમારા મમ્મીને અંતરંગ શ્રદ્ધાજંલિ...
તમારો પ્રેમ, સંસ્કાર અને આશીર્વાદ હંમેશા અમારૂ માર્ગદર્શન કરતો રહેશે.
ઈશ્વર તમારી આત્માને શાંતિ આપે.
ૐ શાંતિ ૐ.

લિ.
સ્વ. મહેન્દ્રભાઈ જયંતીલાલ ગણેશવાલા
મનીષ મહેન્દ્રભાઈ ગણેશવાલા | હીના મનીષ ગણેશવાલા
અજય મહેન્દ્રભાઈ ગણેશવાલા | એકતા અજય ગણેશવાલા
ડો. ઉદય મનીષ ગણેશવાલા | અમીતા ધર્મેશભાઈ ચીનાઈવાલા
રાજવીર અજય ગણેશવાલા | નિમીષા દિલીપભાઈ ગાંધી
યેશા લય ગાંધી | પારૂલ દીનેશભાઈ ઘાએલ
તથા સમસ્ત ગણેશવાલા પરિવાર